# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-05-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Saturay** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJ. HEATWAVE

હવામાન વિભાગે આજે તાપમાન 43 ડિગ્રી થી 45 ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેવાની શક્યતા હોવાથી સમગ્ર રાજ્યમાં ઑરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આવતીકાલથી 23 મે વચ્ચે મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્શિયસની આસપાસ રહેવાની શક્યતા છે.

જેને ધ્યાનમાં રાખી અમદાવાદ શહેરમાં મહાનગરપાલિકાએ શહેરીજનોને બહાર જતી વખતે પાણીની બોટલ સાથે રાખવી, પુષ્કળ પ્રમાણમાં લીંબુનું શરબત, છાશ, નાળિયેર પાણી, અથવા અન્ય પ્રવાહીનું સેવન કરવું, તાજા ફળ-શાકભાજી ખાવા, તીખું ખાવાનું ટાળવું, તેમ જ આહારમાં વધુ પ્રમાણમાં પ્રોટીન અને વાસી ખોરાક લેવાનું ટાળવું, બહાર જતી વખતે છત્રી, ટોપી, સ્કાર્ફ સાથે રાખવા, લાંબો સમય તડકાંમાં ન રહેવા સહિતની સાવચેતી રાખવા અપીલ કરી છે.

ગઇકાલે સુરેન્દ્રનગર જિલ્લામાં સૌથી વધુ મહત્તમ તાપમાન 44.7 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. જ્યારે 44.2 ડિગ્રી તાપમાન સાથે અમદાવાદ શહેર બીજા ક્રમાંકે રહ્યું હતું. ઉપરાંત રાજકોટમાં 43.7 ડિગ્રી, અમરેલીમાં 43.2, વડોદરામાં 42.2, ભાવનગરમાં 39.7, કંડલામાં 37.5, વલસાડમાં 37.2, સુરતમાં 35.8 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ સાથે જ અન્ય જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 37 ડિગ્રીથી ઓછું નોંધાયું હતું.

# DANG- VARSAD NUKSAN

ડાંગ જિલ્લામાં તાજેતરમાં કમોસમી વરસાદને કારણે અનેક ગામોમાં નુકસાન થયું છે. જ્યારે વઘઈ તાલુકામાં આવેલ શિવારીમાળ ગામમાં સૌથી વધુ નુકસાન થયું છે. આ બનાવને પગલે ડાંગના ધારાસભ્ય અને ગુજરાત

વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલે ગામમાં સર્જાયેલ પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતુ. તેમણે અસરગ્રસ્ત પરિવારોની મુલાકાત લીધી હતી..

## (બાઈટ- વિજય પટેલ)

# ARVALLI- RAIN

અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં ગઇકાલ સાંજથી અચાનક પલટો આવ્યો હતો.. ગત મોડી સાંજે ભારે પવન સાથે ભિલોડા તાલુકાના કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ થયો હતો. ભિલોડાના મોટીબેબાર તેમજ શોભાયડા સહિતના કેટલાક વિસ્તારોમાં મધ્યમ વરસાદ થયો હતો.. મોડાસા શહેરમાં તેમજ આસપાસના વિસ્તારમાં પવન ફૂંકાયો હતો. વાદળછાયું વાતાવરણ થતાં લોકોને ગરમીથી આંશિક રાહત મળી હતી..

# DWARKA- JAHERNAMU

દેવભૂમિ દ્વારકા જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે આગામી એક જૂનથી 31 જુલાઈ દરમિયાન માછીમારોને દરિયો ન ખેડવા જાહેરનામું બહાર પાડ્યું છે.

જાહેરનામામાં જણાવાયું છે કે, જિલ્લાના વિવિધ બંદરેથી માછીમારી કરવા માછીમારો દરિયામાં જાય છે. દરિયામાં ગયા પછી વાવાઝોડા, વરસાદ કે હવામાન અંગેની અન્ય આગાહીઓ તેમના સુધી પહોંચાડવી શક્ય હોતી નથી. તેમજ જુન મહિનાથી દરિયો તોફાની બની જાય છે. આવામાં માછીમારોએ સામાન્ય રીતે જુન મહિનાથી દરિયામાં માછીમારી માટે જવું વિશેષ જોખમી છે.

# STD. 10/12TH EXAM- SUNAVNI

માર્ચ 2024માં લેવાયેલી ધોરણ-10 અને 12ની વિવિધ પરીક્ષાઓમાં ગેરરિતીના કિસ્સાઓની ગઇકાલે સુનાવણી પૂર્ણ થઇ છે. ગુજરાત માધ્યમિક

અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના ઉપાધ્યક્ષ ડી.એસ. પટેલે આ અંગે વધુ માહિતી આપી...

**(બાઇટ- ડી.એસ. પટેલ)**

# MEHSANA- Chemotherapy Center

મહેસાણા સિવિલ હોસ્પિટલમાં કિમોથેરાપી સેન્ટર શરૂ થતાં દર્દીઓને ઘર આંગણે આ સેવાનો લાભ મળી રહ્યો છે. જિલ્લા આરોગ્યના ડી.પી.સી તરીકે કામગીરી કરતા પૂનમ જયસવાલે જણાવ્યું હતું કે, અમદાવાદ સિવિલ ખાતે પ્રથમ ડોઝ લીધા બાદ જિલ્લાના કિમોથેરાપી સેન્ટર ઉપર બીજા ડોઝની સારવાર શરૂ કરાઇ છે, જેથી અમદાવાદ સુધી જવામાંથી દર્દીઓને રાહત મળી છે.

# BHAVNAGAR- SUMMER YOG CAMP

ભાવનગરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે 20 મેએ સમર યોગ કેમ્પ યોજાશે. 7 થી 15 વર્ષના બાળકો સમર કેમ્પમાં જોડાઈને સંસ્કારો તેમજ યોગ, આયુર્વેદ અને ભારતીય મૂલ્યોનો વિશેષ અભ્યાસ કરે તેમ જણાવાયું છે.. ભાવનગરમાં જુદા જુદા 10 સ્થળો પર આ કાર્યક્રમ યોજાશે. આ કેમ્પમાં વધુને વધુ બાળકો જોડાય તે માટે અપીલ કરવામાં આવી છે.

# ACCIDENT

ભુજ અને પંચમહાલમાં બે જુદા જુદા માર્ગ અકસ્માતમાં ત્રણ વ્યક્તિઓના મોત નિપજ્યાં છે.

ભૂજના ધાણેટી નજીક ટ્રક અને મોપેડ વચ્ચે અકસ્માત સર્જાતા મોપેડ પર સવાર દંપતીનું ઘટનાસ્થળે મોત થયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, પતિ પત્ની મોગલધામમાં દર્શન કરીને પરત ફરતા આ ઘટના બની હતી.

અન્ય એક બનાવમાં ગોધરા પરવડી બાયપાસ ચોકડી ઉપર ટ્રેલર ચાલકે કાબુ ગુમાવતા ટ્રેલર પલટી જતાં અકસ્માત સર્જાયો હતો, જેમાં ટ્રેલર ચાલકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. પોલીસ આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.